# વરસાદે બગાડ્યો વાનગીઓનો સ્વાદ

## શાકભાજીના ભાવમાં પ્રતિ મણ ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો તોતિંગ વધારો

ગાંધીનગર,તા.૧૧

સોમવારે માર્કેટ શરૂ થયા બાદ રોજિંદો ઉપયોગ થતો હોય તેવા શાકભાજીના ભાવમાં વધારો થયો છે. શાકભાજીના ભાવમાં પ્રતિ મણ ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો તોતિંગ વધારો થયો છે. પહેલાંથી જ મોંઘા શાકભાજી મોંઘા થયા છે. ટમેટાં ૧૭૦૦ કિલો મીટર દૂર બેંગ્લુરુથી આવે છે.

વટાણા સીમલાથી, કોથમીર ઈન્દોરથી આવે છે.ટ્રકોમાં શાકભાજી આવતાં હોવાથી ડીઝલનો ખર્ચો વધી જાય છે.જે ફેરિયા પાસેથી શાકભાજી ખરીદતી મહિલા પાસેથી વસૂલવામાં આવે છે. મહત્ત્વનું છે કે, ટ્રાન્સપોર્ટનો ખર્ચો વધવાથી અને વધુ વરસાદ થવાથી શાકભાજીના ભાવમાં ઘટાડો થયો છે. મહત્ત્વનું છે કે, ગત શુક્રવારે ટમેટાંનો ભાવ ૧૪૦૦-૨૦૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલો હતો. જે બે દિવસમાં જ વધીને ૧૫૦૦-૨૫૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલોએ પહોંચ્યો છે.ટામેટાની વાત કરીએ તો હાલ મુંબઈ અને બેંગ્લોર ખાતે જ ટામેટા છે, જે દેશ આખામાં પુરા પડે છે અને એટલે જ ભાવ વધેલા છે. બીજું



**ગત ત્રણ દિવસ સુધીના શાકભાજીના ભાવ( પ્રતિ ૨૦ કિલો)**

| શાકભાજી | ૭ તારીખ | ૧૦ તારીખ |
|---|---|---|
| ટમેટા | ૧૪૦૦-૨૦૦૦ રૂ. | ૧૫૦૦-૨૫૦૦ રૂ. |
| કોથમરી | ૧૭૦૦-૨૦૦૦ રૂ. | ૧૮૦૦-૨૫૦૦ રૂ. |
| કાકડી | ૩૫૦-૭૫૦ રૂ. | ૪૫૦-૧૧૦૦ રૂ. |
| વટાણા | ૧૨૦૦-૧૬૦૦ રૂ. | ૧૩૦૦-૨૦૫૦ રૂ. |
| મેથી | ૧૪૦૦-૧૮૦૦ રૂ. | ૧૭૦૦-૨૨૦૦ રૂ. |
| લીલા મરચા | ૭૦૦-૧૩૫૦ રૂ. | ૧૧૦૦-૧૮૦૦ રૂ. |
| આદુ | ૨૫૦૦-૩૧૫૦ | ૨૫૦૦-૩૪૦૦ રૂ. |

કે અન્ય રાજ્યમાં વધારે વરસાદ થવાથી પાકને નુકસાન થયું છે અને શોર્ટ સપ્લાયના કારણે ભાવમાં ભડકો થયો છે અને આગામી દિવસોમાં પણ ભાવ વધેલા જ રહેવાના છે, એકાદ મહિના બાદ ભાવ કાબુમાં આવે તેવી સંભાવના છે.આગામી દિવસોમાં વરસાદ ઓછો કે વધુ થશે તો પણ ભાવ વધશે. અગાઉ શરૂઆતમાં ઓછા અને બાદ,આ અતિવૃષ્ટિથી ભાવમાં વધારો જોવા મળ્યો છે. ભારે વરસાદના કારણે પાકમાં કીટ આવવાના કારણે મોટાભાગનો પાક નાશ પામ્યો હતો.જમીનની નીચે ઉગાડવામાં આવતી ડુંગળી અને આદુ જેવી શાકભાજીને પણ ખરાબ હવામાનનો ફટકો પડ્યો છે. હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત દેશના ઘણા ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદ થયો છે.

જેના કારણે અનેક પાકને નુકસાન થવાની આશંકા છે. સીંગતેલના ભાવમાં ફરી રૂ.૨૦નો વધારો ઝીંકવામાં આવ્યો છે. વધતી જતી મોંઘવારીને લઈને ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે તો જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. આમ, ટામેટા સહિત તમામશાકભાજીઓ અને તેલ ના ભાવ આસમાને પહોંચી જતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે ખાવાના ફાંફા પડી ગયા છે.


# ગૂજરાત વિદ્યાપીઠમાં વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વ્યાખ્યાન યોજાયો



ગાંધીનગર,તા.૧૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે ‘‘વસતિ કેવી રીતે જળવાયું પરિવર્તનને પ્રભાવિત કરે છે’’ વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં સસ્થાના વિધાર્થીઓએ ભાગ લીધો હતો. અને આ વિષય પર સરસ અને ઉડાનપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલીયા વિધાર્થી ઓને વિવેકપૂર્ણ તરીકેથી આ ઝુંબેશમાં જોડાવાવની અપીલ કરી હતી અને ગાંધીજી દ્વારા વસ્તીના સંદર્ભમાં કરેલા રચનાત્મક કાર્યો અને તેનાથી દરેક માનસને શ્રમનું મહત્વ સમજી ઉધોગ શિક્ષણ અને અન્ય ઉપાયોની ખુબજ પ્રસંશા કરી હતી કાર્યક્રમમાં મુખ્ય વકતાનું સ્વાગત સંસ્થાના રાસેયોન સ્વય સેવક ખંજન મકવાણા કર્યું હતું જયારે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ડૉ નીરજ સિલાવટ આ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા અને પ્રાસંગિકતા સમજાવી હતી કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગૂજરાત વિધાપીઠના પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકર હાજર રહ્યા હતા કાર્યક્રમની આભાર વિધિ ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા સાહેબે કરી હતી જયારે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

# સ્વ. બચુભાઈ રાવતુ પુણ્ય તિથિ નિમિત્તે કાર્યક્રમનું આયોજન



ગાંધીનગર,તા.૧૧

ભારત સરકાર દ્વારા સન્માનિત બચુભાઈ રાવત ને તારીખ ૧૨ જુલાઈ એ પુણ્ય તિથિ નિમિત્તે ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન અને હિન્દી સેવા સમિતિ ના તત્ત્વધાન માં સેક્ટર ૧૪ ખાતે ’એક શામ બચુભાઈ કે નામ "કાર્યક્રમ સાંજે ૬.૩૦ વાગ્યે આયોજીત કરવામાં આવેલ છે જેમાં સર્વે સાહિત્યકારો શિક્ષકો અને વિદ્યાર્થીઓ ને ઉપસ્થિત રહેવા માટે જાહેર નિમંત્રણ પાઠવ્યુ હતુ.



સમગ્ર વિશ્વમાં ઝીણા ધાન પ્રત્યે જાગૃતિ આવી રહી છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામની આંગણવાડીમાં મિલેટસ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામા આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

# રુદ્રશક્તિ ક્ષત્રિય મહિલા સેવાકીય સંસ્થાન દ્વારા વીણાબા ઝાલાને "વ્યક્તિ વિશેષ સન્માન" એવોર્ડ એનાયત



ગાંધીનગર રાજપૂત સમાજના યજમાન પદે રુદ્રશક્તિ ક્ષત્રિય મહિલા સેવાકીય સંસ્થાન, રાજકોટ દ્વારા ગાંધીનગર ખાતે રાજપૂત ભવનમાં "ક્ષાત્રધર્મ સંસ્કાર સિંચન" સેમિનાર યોજાયો હતો. રાજ્યભરમાંથી આશરે ૩૦૦ થી વધારે આમંત્રિતો અહીં પધાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન, સંચાલન ગાંધીનગરના પ્રમુખ વીણાબા ઝાલાએ એકલા હાથે સફળતાપૂર્વક પાર પાડતા રુદ્રશક્તિ મહિલા સેવાકીય સંસ્થાન, રાજકોટ દ્વારા વીણાબા ઝાલાનું "વ્યક્તિ વિશેષ સન્માન" એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# જિલ્લા શિક્ષણ તાલીમ ભવન સેક્ટર ૧૨માં કાનુની શિબિરનું આયોજન



ગાંધીનગર,તા.૧૧

જિલ્લા કાનુની સેવા સત્તા સત્તામંડળ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગર ના ઉપક્રમે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઑફેન્સીઝ-૨૦૧૨ એકટ ,પોકસો અંગે માર્ગદર્શન અને જાગૃતિ ફેલાવવા ના હેતુસર જી સી ઈ આર ટી સેકટર ૧૨ ના તાલીમાર્થીઓ સમક્ષ પેરા લીગલ વોલંટીયર સુધીર દેસાઈનું વિષય વકતવ્ય યોજવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમ ડાયરેક્ટર ડો.હિતેષ દવેની પ્રેરણાથી સિનિયર ફેકલ્ટી સુશ્રી ઉર્મિલાબેન પંચાલના ખૂબ સહકાર થી સફળ રીતે સંપ્પન થયો હતો

# પીડીઈયુ ખાતે એન્વાયરમેન્ટલ ઓડીટીંગની સરળતા અંગે તાલીમ કાર્યક્રમનો શુભારંભ



ગાંધીનગર, તા. ૧૧

પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સંયુક્તપણે **“Environmental Auditing Made Easy: Basics and Analytical Test Procedures”** વિષય પર પાંચ દિવસીય શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન પીડીઈયુ ખાતે તા. ૧૦થી ૧૪ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યું છે.

આ STTPનુ આયોજન ખાસ ગુજરાતભરના નવનિયુક્ત એન્વાયર્મેન્ટલ ઓડિટર્સ (શિડ્યુલ-૧ અને શિડ્યુલ-૨) કે જેઓ પર્યાવરણના દેખરેખ અને શમન માટે જીપીસીબીને મદદરૂપ બનશે. ગુજરાતના વિવિધ ભાગોમાંથી ૫૦ કરતાં વધુ એન્વાયર્મેન્ટલ ઓડીટર્સ દ્વારા એન્વાયર્મેન્ટલ ઓડીટીંગના વિવિધ પાસાઓનો સમાવેશ કરતાં આ કોર્સમાં નોંધણી કરાવેલ છે. સીબીસીપી અને જીપીસીબીના ઉચ્ચ અધિકારીઓ તેમજ ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓના જેવીકે, IIT ગાંધીનગર, SVNIT, PDEU, GERMI, L.D. College of Engineeringના નિષ્ણાતો તેમનું વક્તવ્ય આપવા પધારશ તેમજ આ પાંચ દિવસ દરમિયાન આશરે ૨૬ તકનિકિ સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારંભનું ઉદ્‌ઘાટન ગઈકાલે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ દેવાંગ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં તેઓ સમારંભના મુખ્ય અતિથિ હતા. સમારંભનાસન્માનિત મહેમાન તરીકે ચારુસેટ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના ઈનચાર્જ પ્રોવોસ્ટ યોગેશ્વર કોસ્ટા તેમજ પીડીઈયુની સ્કૂલ ઓફ ટેક્નોલોજીના ડિરેક્ટર પ્રોફેસર ધવલ પુજારા સમારંભના અધ્યક્ષ હતા. જીપીસીબીના એન્વાયર્મેન્ટલ ઓડિટ કમિટિના નિષ્ણાતો પ્રો. દિનેશ પરીખ, પ્રો. વાય. એચ. ઓઝા અને પ્રો. જે.એન.જોષી દ્વારા સમારંભમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમના સલાહકાર સિવિલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટના હેડ ડો. ધ્રુવેશ પી પટેલ અને મુખ્ય સમન્વયકર્તા ડો. અનુરાગ કાન્ડ્યા હતા.

# આજે ગિફ્ટ સિટી ખાતે બેંક ઓફ ઈન્ડિયાના IFSC - SEZ અને NRI હેલ્પ સેન્ટરનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં બેંક ઓફ ઈન્ડિયાના MD અને CEO રજનીશ કર્ણાટક દ્વારા તા. ૧૨ જુલાઈ બુધવારના રોજ ફોરેન એક્સચેન્જ બેક ઓફિસ સેલમાં IFSC - SEZ અને NRI હેલ્પ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક બેંક ઓફ ઈન્ડિયા તેના ૧૧૮મા વર્ષની ઉજવણી પર ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં IFSC SEZ ખોલશે. હાલમાં, GIFT IFSC



એ ભારતમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર છે. IFSC SEZ યુનિટનું ઉદ્‌ઘાટન આજ BOIના MD અને CEO રજનીશ કર્ણાટક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સ્વરૂપ દાસ ગુપ્તા અને IFSCA એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પ્રવિણ ત્રિવેદી દ્વારા કરવામાં આવશે. આનાથી NRI ગ્રાહકોને સમર્પિત વૉઈસ કૉલ દ્વારા તેમની સેવા સંબંધિત સમસ્યાઓ ઉકેલવામાં મદદ મળશે. GIFT CITY ખાતે બેંક ઓફ ઈન્ડિયાએ જૂન ૨૦૨૩માં ભારત અને વિદેશમાં સ્થિત કોર્પોરેટ અને વ્યવસાયિક એકમોની વૈશ્વિક બેંકિંગ જરૂરિયાતોને પૂરી કરવાના હેતુથી તેની કામગીરી શરૂ કરી હતી. BOI તેના વૈશ્વિક કારોબારને નોંધપાત્ર રીતે વધારવા અને GIFT સિટી ખાતે ટીમને મજબૂત બનાવવાનું વિચારી રહ્યું છે. BOI IFSC એ બંને ભારતમાં સ્થિત હોવાનો લાભ મેળવી રહી છે અને અનુભવી કર્મચારીઓ પાસેથી સ્પર્ધાત્મક કિંમતો અને ઝડપી પ્રક્રિયા સમય સાથે વૈશ્વિક સ્તરે સ્થિત તેના સમકક્ષો માટે સમય ઝોન વિન્ડોનો લાભ પૂરો પાડે છે.



વરસાદની ધૂમ બેટિંગ બાદ વરસાદે વિરામ લીધો છે ત્યારે ગાંધીનગરમાં આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.મચ્છરોનો ઉપદ્રવ અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા ફોગિંગ પ્રક્રિયા હાથ ધરાઈ જેમાં સે -૭ શાકમાર્કેટ થી ફોગિંગ કરવામાં આવ્યું હતું.અને ધુમાડા ના ગોટે ગોટા છવાઈ ગયા હતા.

# આગામી સંગઠનાત્મક કાર્યક્રમો સંદર્ભે શહેર ભાજપ સંગઠનની બેઠક યોજાઈ



ગાંધીનગર,તા.૧૧

તા.૧૦ જુલાઈના રોજ ધારાસભ્ય રીટાબેન પટેલના સેકટર ૧૧ સ્થિત જનસંપર્ક કાર્યાલય ખાતે શહેર ભાજપના પ્રભારી અને પ્રદેશ મંત્રી નૌકબેન પ્રજાપતિ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણાની ઉપસ્થિતિમાં આગામી વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો અંગે તેમજ લોકસભા ચુંટણીની પૂર્વતૈયારીના ભાગરૂપે શહેર ભાજપ સંગઠનની મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટરોના આંતરિક રસ્તાઓ સતત વરસાદમાં બીસ્માર બન્યા છે. માર્ગો બનાવવામાં નબળી ગુણવત્તાના માલસામાનનો ઉપયોગ થયો હોવાથી માર્ગો પર ખુબ ખાડા પડ્યા છે. સેક્ટર-૩૦માં સર્વોદયનગર સોસાયટીમાં કચરો લેવા આવનાર વાન ખાડામાં ફસાઈ ગઈ હતી. વાનના ચારેય વ્હીલ ખાડામાં ઉતરી ગયા હતા.

# એમ.એમ. સાયન્સ કોલેજ ખાતે વિવિધ એક્સપર્ટ લેક્ચર્સ યોજાયા



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સે.૨૩માં કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ ખાતે જુલાઈ માસમાં એક્સપર્ટ લેક્ચર્સના આયોજન કરવામાં આવ્યાં હતા. આ અંતર્ગત વાંચન કૌશલ્યના મહત્વ અને તેની વ્યૂહરચનાઓ પર નિષ્ણાંત ડો. રસિક તન્ના દ્વારા બીએસસી કેમેસ્ટ્રી/ માઈક્રોબાયોલોજી સેમેસ્ટર ૫ના વિદ્યાર્થીઓને લેક્ચર આપવામાં આવ્યું હતું અને સેમેસ્ટર ૩ના વિદ્યાર્થીઓને વિષય નિષ્ણાંત અર્ચના બારડ દ્વારા સંદેશા વ્યવહાર કૌશલ્ય વિષય પર લેક્ચર આપવામાં આવ્યું હતું. અનુસ્નાતકના કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટે હાઈ પરફોર્મન્સ લિક્વિડ ક્રોમેટોગ્રાફી વિષય પર ડો. દિપેન ગાંધી દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.